શ્રી શ્યામ ઝેરોક્ષ
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070
શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...
RNI No. GUJGUJ/2005/21613
ગુજરાત રક્ષા
GUJARAT RAKSHA (Weekly, Vyara)
(સાપ્તાહિક-વ્યારા)

ગુજરાત રક્ષા - 06
WhatsApp group
સમાચારોનાં વધુ અપડેટ અને અગત્યનાં સમાચારો મેળવવા માટે ગુજરાત રક્ષાના whatsapp ગ્રુપમાં જોડાવો, આ QR Code Scan કરો.

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖તા.૨૧-૧૦-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.
કાર્યાલય : ૪, મોદી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in

ઈરાન પર મોટા હુમલાની તૈયારીમાં ઈઝરાયલ? લીક રિપોર્ટ્સથી અમેરિકા પણ ટેન્શનમાં મૂકાયું

ઈઝરાયલ ઈરાન પર હુમલાની યોજના બનાવી રહ્યું હોવાનો સંકેત અમેરિકાના લીક થયેલા ગુપ્ત રિપોર્ટ પરથી મળ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકાની ગુપ્તચર એજન્સીની બે ગુપ્ત રિપોર્ટ લીક થઈ છે. જે ઈઝરાયલી સેના દ્વારા ઈરાન પર હુમલો કરવાની યોજના વિશે જણાવી રહી છે. ડોક્યુમેન્ટ્સ નેશનલ જિયોસ્પેટિક-ઈન્ટેલિજન્સ એજન્સીના રિપોર્ટમાં સેટેલાઈટ તસવીરો અને સૂચનાઓના વિશ્લેષણમાં સૈન્ય ગતિવિધિ ઓ અને હુમલાની તૈયારીઓ વિશે માહિતી મળી છે.શું કહ્યું રિપોર્ટમા ં? લીક થયેલા ‘ઈઝરાયલઃ એરફોર્સ ઈરાન પર હુમલો કરવાની તૈયારીઓ‘ શીર્ષક હેઠળ તૈયાર કરાયેલા રિપોર્ટમાં ઈઝરાયલની તાજેતરની કવાયત અંગે માહિતી આપવામાં આવી છે. અંદાજ છે કે, સૈન્ય અભ્યાસ ઈરાન સામે મજબૂત હુમલાની તૈયારીઓનો એક ભાગ છે. આ તૈયારીઓમાં ફાઈટર એરક્રાફ્ટનું એર-ટુ-એર રિફ્યુઅલિંગ, શોધ અને બચાવ કામગીરી અને ઈરાન તરફથી હુમલાની સ્થિતિમાં નવી જગ્યાઓ પર મિસાઈલ સિસ્ટમ સ્થાપિત કરવી વગેરે સમાવિષ્ટ છે. બીજો રિપોર્ટ દર્શાવે છે કે ઈઝરાયલ યુદ્ધ સામગ્રી અને અન્ય સૈન્ય સંપત્તિઓને વ્યૂહાત્મક સ્થળોએ સ્થાનાંતરિત કરી રહ્યું છે. આ તસવીરો પરથી મળેલી અમેરિકન ઈન્ટેલિજન્સ માહિતી દર્શાવે છે કે ઈઝરાયલ હુમલાની તૈયારી કરી રહ્યું છે. જો કે ઈરાન પર હુમલો કરવા માટે ઈઝરાયલની સંપૂર્ણ યોજના શું છે તે સ્પષ્ટ થયું નથી.ઈરાને સર્ક્યુલેટ કર્યો રિપોર્ટઈરાન સમર્થક તત્વોના એકાઉન્ટ પરથી ૧૫ અને ૧૬ ઓક્ટોબરની તારીખના રિપોર્ટ્સ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ઈઝરાયલની સેનાની સેટેલાઈટ તસવીરો છે. ઈઝરાયલ સેના ઈરાન પર હુમલો કરવાની તૈયારીઓ કરતી જોવા મળી છે. ૧ ઓક્ટોબરે ઈરાને ઈઝરાયલ પર મિસાઈલ છોડી હતી. ઈઝારયલ ઈરાન હુમલાઓનો બદલો લેવાની તૈયારી કરી રહ્યું છે. ઈઝરાયલ ગાઝા પટ્ટી અને લેબેનોનમાં સતત હુમલા કરી રહ્યું છે. આ હુમલાઓમાં ઈઝરાયલી સેનાએ હમાસના ઘણા ટોચના નેતાઓને મારી નાખ્યા છે. ઈરાન લેબનોન અને હમાસને સતત સમર્થન આપી રહ્યું છે. અમેરિકાના અધિકારી પાસેથી મળ્યા પુરાવા પ્રારંભિક સંકેતો અનુસાર, તે નિમ્ન સ્તરના અમેરિકન અધિકારી પાસેથી મેળવવામાં આવ્યું છે. પેન્ટાગોન, અમેરિકન ગુપ્તચર એજન્સીઓ અને એફ બી આઈ એ આ મામલાની તપાસ શરૂ કરી દીધી છે. આ માહિતી કેવી રીતે લીક થઈ અને કેટલાક વધુ રિપોર્ટ લીક થવાની ભીતિ વચ્ચે આકરી તપાસ કરવામાં આવી રહી છે.અમેરિકાએ શું કહ્યું? રિપોર્ટ લીક થતાં અમેરિકી સરકાર ચિંતિત બની છે. આ અંગે અમેરિકાના અધિકારી ઓ બે પક્ષોમાં વહેંચાયેલા છે. કેટલાક અધિકારીઓએ આ રિપોર્ટને પાયાવિહોણા ગણાવી રહ્યા છે, જો કેટલાક લોકો મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે ઈઝરાયલની સૈન્ય તૈયારી ઓને લઈને ચિંતિત છે. તાજેતરમાં જર્મનીની મુલાકાતે ગયેલા અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનને પૂછવામાં આવ્યું કે શું તેઓ ઈરાન પર ઈઝરાયલના હુમલા વિશે જાણે છે. આ દરમિયાન, બિડેને થોડા સમય માટે હા પાડી હતી, પરંતુ વિગતવાર કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો હતો.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખપદ માટે હવે મનોહરલાલ ખટ્ટરનું નામ ચર્ચામાં



નવી દિલ્હીઃ ભાજપની રાષ્ટ્રીય સંગઠન રચનાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પક્ષ દ્વારા એક તરફ વોર્ડ કક્ષાએથી સંગઠનમાં ફેરફાર કરશે તો બીજી તરફ રાષ્ટ્રીય કક્ષાએ આ પ્રક્રિયા હાથ ધરાશે અને તેમાં હવે રાષ્ટ્રીય પ્રમુખની રેસમાં હરિયાણાના પુર્વ મુખ્યમંત્રી તથા હાલ કેન્દ્રીય કેબીનેટ મંત્રી તરીકે કામગીરી બજાવી રહેલા સીનીયર નેતા મનોહરલાલ ખટ્ટરનુ નામ પણ ચર્ચામાં જોડાયુ છે.હરિયાણામાં ભાજપના ભવ્ય વિજય બાદ ખટ્ટર ફરી લાઈમલાઈટમાં આવી ગયા છે અને તેઓ સંઘ સાથે પણ જોડાયેલ છે તથા મોદી-શાહની જોડીને પણ ખટ્ટરના નામ સામે કોઈ વિરોધ નહી હોય તેવું માનવામાં આવે છે.ભાજપના બંધારણ મુજબ ૫૦%થી વધુ રાજયોમાં પ્રદેશ પ્રમુખ સહિતના સંગઠનની રચના થઈ ગયા બાદ રાષ્ટ્રીય સંગઠન રચાઈ શકે છે અને ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી થશે તેવું માનવામાં આવે છે તો પક્ષમાં મહામંત્રી તરીકે ફરી એક વખત સંજય જોષીનું નામ ચગ્યુ છે.જો કે જોષીને ફરી ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં મહત્વના હોદા પર બેસાડવામાં ભાજપ નેતૃત્વ પસંદ કરશે કે કેમ તે પ્રશ્ર્ન છે. ઉપરાંત હરિયાણાના પરિણામોએ ફરી મોદી-શાહનું વર્ચસ્વ સ્થાપી દીધુ છે તેથી હવે તેમની સ્વીકાર્યતા મહત્વની બની જશે.? પાંચ બેઠક પર ભાજપ-ઉમેદવારની કાલે જાહેરાત શકયઃ કોંગ્રેસ પણ ‘રાહ’ જુએ છેપ્રતિષ્ઠાના જંગ જેવી બેઠકમાં તા.૨૩ નવે.ના મતદાનરાજકોટઃ ગુજરાતમાં પાંચ ધારાસભા બેઠક પરથી પેટાચૂંટણી જે તા.૧૩ નવેમ્બરના યોજાવાની છે તેમાં ભાજપે સેન્સ મેળવી લીધી છે અને હવે આવતી કાલે ઉમેદવાર ની જાહેરાત કરે તેવી ધારણા છે. ભાજપે મહેમદા બાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણને નિરિક્ષક તરીકે મોકલ્યા હતા અને તેઓએ દાવેદારો અને સંબંધીતોને સાંભળ્યા હતા તથા તેમનો રિપોર્ટ પ્રદેશ પ્રમુખને સુપ્રત કર્યા છે.બનાસકાંઠાના પક્ષના અગ્રણીઓ સાથે ચર્ચા કરાયા બાદ કાલે દિલ્હીથી પક્ષના ઉમેદવારની જાહેરાત થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે સાંજે દિલ્હી જઈ રહ્યા છે અને તેઓ અન્ય એજન્ડાની સાથે પાંચ બેઠક અંગે પણ ચર્ચા કરશે. આ બેઠક ૨૦૨૧ની ધારાસભા ચૂંટણીમાં કોંગ્રેસના ગેનીબેન ઠાકોરે જીતી હતી અને ૨૦૨૪માં તેઓ બનાસકાંઠા લોકસભા બેઠક જીતતા પાંચ બેઠક ખાલી કરી હતી અને હવે તા.૧૩ નવેમ્બર અહી પ્રતિષ્ઠાનો જંગ ખેલાશે બન્ને પક્ષો માટે આ બેઠક પડકાર જેવી બની રહેશે. સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપના ઉમેદવાર અંગે કોઈ સંકેત મળ્યા બાદ કોંગ્રેસ તેના ઉમેદવારની જાહેરાત થશે.

ભાજપને મોટો ઝટકો, પૂર્વ કેન્દ્રીય મંત્રીનો રાજીનામા સાથે નવી પાર્ટી રચવાનું એલાન

નવી દિલ્હીઃપૂર્વ કેન્દ્રીય મંત્રી આરસીપી સિંહે ભાજપમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા હતા. તેમણે કહ્યું કે ‘હું ટૂંક સમયમાં મારી પોતાની નવી પાર્ટીની રચના અંગે જાહેરાત કરીશ.’ આરસીપી સિંહ મે ૨૦૨૩માં ભાજપમાં જોડાયા હતા જ્યારે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર એનડીએ છોડીને ઓગસ્ટ ૨૦૨૨માં મહા ગઠબંધનમાં જોડાઈ ગયા હતા.રાજીનામા સાથે કર્યું એલાન આરસીપી સિંહે કહ્યું કે ‘હું ભાજપના સભ્યપદથી અલગ થઈ રહ્યો છું અને એટલા માટે જ મેં સભ્યપદ રિન્યૂ નથી કરાવ્યું. તમે મારા ઈરાદા સમજી શકો છો. હું ટૂંક સમયમાં મારી પોતાની રાજકીય પાર્ટી બનાવીશ.’કેમ હતા નિરાશ? જેડીયુના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષે છેલ્લા દોઢ વર્ષમાં ભાજપમાં કોઈ મહત્ત્વની જવાબદારી ન મળતાં નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, ‘મેં ભાજપના નેતૃત્વને કહ્યું હતું કે મને રાજકીય સંગઠન ચલાવવાનો લાંબો અનુભવ છે તેથી તેમણે મારા અનુભવનો ઉપયોગ કરવો જોઈએ પણ ભાજપની કાર્યશૈલી અલગ છે અને હું તેની પ્રશંસા કરું છું.’સૂત્રોના જણાવ્યા અનુસાર, નીતિશ કુમારના મહાગઠબંધનમાં જોડાવાના જવાબમાં આર સી પી સિંહને ભાજપમાં સામેલ કરવામાં આવ્યા હતા, પરંતુ જ્યારે નીતિશ જાન્યુઆરી ૨૦૨૪માં એન ડી એ માં પાછા ફર્યા ત્યારે આરસીપી પાર્ટીમાં રાજકીય રીતે અલગ પડી ગયા હતા.

ગુજરાતનો ’ઝોળી’દાર વિકાસઃ પ્રસૂતાને ઝોળીમાં લઈ જવી પડી હોસ્પિટલ, છોટા ઉદેપુરની બીજી ઘટના

તુરખેડાની બીજી ઘટના
હાઈકોર્ટની ફટકાર
છતાં નથી બન્યો રોડ

ગાંધી જયંતીના દિવસે બીજી ઓક્ટોબરે ગુજરાતના છોટા ઉદેપુર જિલ્લામાં એક શરમ જનક ઘટના બની હતી. ગાંધીજી હંમેશા ગામડાઓના વિકાસની વાત કરતાં હતાં, પરંતુ તેમના મૃત્યુના પણ આટલાં વર્ષો બાદ પણ જાણે ગાંધીજીની આ ઈચ્છા સરકાર અને તંત્રની ઈચ્છા શક્તિના અભાવના કારણે અધૂરી જ રહી ગઈ છે. ગત બીજી ઓક્ટોબરે ગુજરાતના છોટાઉદેપુરમાં પ્રસૂતાને ગામડામાં સ્વાસ્થ્ય અને રસ્તાની સુવિધાના અભાવના કારણે જીવ ગુમાવવો પડ્યો હતો. ત્યારે હાઈકાર્ટે આ ઘટનાને ગંભીરતાથી લઈ સુઓમોટો અરજી દાખલ કરી કેસ હાથમાં લીધો હતો અને કહ્યું હતું કે, આ ઘટનાથી અમારા માથા શરમથી ઝૂકી ગયાં છે. હાઈકોર્ટે રાતોરાત છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના તુરખેડા ખાતે ૧૮.૫૦ કરોડના ખર્ચે ૯ કિલોમીટરના રસ્તાને મંજૂર કર્યો હતો. જોકે, તંત્ર રસ્તો બનાવે તે પહેલાં ફરી ગ્રામજનો અન્ય એક પ્રસૂતાને આ રીતે ઝોળીમાં નાંખીને આરોગ્ય કેન્દ્ર લઈ જવા મજબૂર બન્યા હતાં.શું છે સમગ્ર ઘટના? શનિવારે (૧૯ ઓક્ટોબર) છોટા ઉદેપુરના તુરખેડા ગામના માનુક્લા ફળિયામાં એક પ્રસૂતાને પ્રસવ પીડા ઉપડી હતી. પરંતુ ગામમાં આરોગ્યની સેવા ન હોવાના કારણેપ્રસૂતાને આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાની હતી. જોકે, ગામમાં સારો રસ્તો ન હોવાથી કોઈ એમ્બ્યુલન્સ પ્રવેશી શકતી નથી. તેથી પ્રસૂતાને ગામના લોકો ઝોળીમાં નાંખીને આરોગ્ય કેન્દ્રમાં લઈ જવા મજબૂર બન્યા હતાં. પ્રસૂતાને ઝોળીમાં નાંખી ત્રણ કિલોમીટર દૂર ડુંગર લઈ જવાઈ હતી અને ત્યાંથી ક્વાંડ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવાઈ હતી. આરોગ્ય કેન્દ્રમાં પહોંચ્યા બાદ મહિલાને પ્રસૂતાએ રાત્રે બાળકને જન્મ આપ્યો હતો.હાઈકોર્ટની ફટકાર છતાં તંત્રની નબળી કામગીરીઆ પહેલાં બનેલી ઘટનામાં પ્રસૂતાને આ રીતે ઝોળીમાં લઈ જવાના કારણે જીવ ગુમાવ્યો તેના પણ ૨૦ દિવસ થઈ ગયાં અને હાઈકોર્ટે રોડ બનાવવાનો આદેશ આપ્યો તેના પણ આશરે ૧૫ દિવસ થવા આવ્યા. તેમ છતાં છોટાઉદેપુના તુરખેડામાં રસ્તો બનાવવાને લઈને તંત્ર જાણે ઊંઘી જ રહ્યું છે. તુરખેડાથી જે વીડિયો સામે આવ્યો છે, તેને જોઈને તો એવું લાગી રહ્યું છે કે, તંત્રએ ૧૫ દિવસ છતાં અહીં રોડ બનાવવાની કામગીરી શરૂ પણ નથી કરી. પહાડી રસ્તો જેમનો તેમ ધૂળ-ઢેફાવાળો દેખાઈ રહ્યો છે. ત્યારે એવું લાગી રહ્યું છે કે, તંત્ર હાઈકોર્ટના આદેશને પણ ગણકારી નથી રહ્યું અને આ ગામના લોકોને પોતાના હાલ પર જીવવા મજબૂર કરી દીધાં છે. ૨૦ દિવસમાં ત્રીજીવાર બની આવી ઘટનાનોંધનીય છે કે, છેલ્લા ૨૦ દિવસમાં ત્રીજી વખત આવી ઘટના બની છે, જેમાં પ્રસૂતાને ઝોળીમાં નાંખીને ત્રણથી પાંચ કિલોમીટર દૂર ગામની બહાર લઈ જઈને ક્વાંટ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવી હોય. આઝાદીના આટલાં વર્ષો છતાં પણ સરકાર ન તો ગામમાં આરોગ્યની સુવિધા ઊભી કરી શકી છે અને ન તો ગામની બહાર આરોગ્યની સેવા મેળવી શકાય તે માટેનો રસ્તો બનાવી શકી છે. વારંવાર આ રીતે પ્રસૂતાઓને જીવના જોખમે ઝોળીમાં લઈ જવી પડે છે. તેમ છતાં જાણે છોટા ઉદેપુરની આ મહિલાઓના જીવનું કોઈ મૂલ્ય જ ન હોય, તે રીતે સરકાર દર વખતે આવી ઘટનાઓ સામે આંખ આડા કાન કરીને બેસી રહે છે.હાઈ કોર્ટે લગાવી ફટકાર

આ પહેલાંની ઘટનાને ગંભીરતાને લઈ ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો અરજી દાખલ કરી હતી. આ અરજીની સુનાવણી વખતે હાઈકોર્ટે કહ્યું કે, આવા બનાવથી અમારું માથું શરમથી ઝૂકી ગયું છે. ૩ ઑક્ટોબરે હાઈકોર્ટમાં જસ્ટિસ બીરેન વૈષ્ણવ અને જસ્ટીસ નીશા ઠાકોરની બેન્ચ દ્વારા બીજી ઑક્ટોબરે બનેલી આ ઘટનાની સુનાવણી થઈ હતી. સુનાવણી દરમિયાન જસ્ટિસ બીરેન વૈષ્ણવે કોર્ટમાં કહ્યું હતું કે, તેમના માથા આ સમાચાર થી શરમથી ઝૂકી ગયા છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રાજ્ય સરકારની ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે, આપણે વિકાસની વાતો કરીએ છીએ, પરંતુ સરકાર આવી જગ્યાએ રોડ બનાવી નથી શકતી.

રાજસ્થાનની ચોંકાવનારી ઘટના, નશીલા પેંડા ખવડાવી યુવતી પર આચર્યું દુષ્કર્મ, સાધુ પર આરોપ

રાજસ્થાનના સીકરમાં એક મંદિરના બાબા વિરૂદ્ધ યુવતીએ દુષ્કર્મનો આરોપ મૂકતા ફરિયાદ નોંધાવી છે. યુવતીએ આરોપ લગાવ્યો છે કે, બાબાએ તંત્ર વિદ્યાની આડમાં નશીલો પદાર્થ ખવડાવી તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. ત્યારબાદ આ ઘટના કોઈને જણાવી તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.સીકરના ખેડી દાતુંજલા વિસ્તારના શ્રેત્રપાળ મંદિરના બાબા બાલકનાથ સહિત અન્ય બે લોકોની વિરૂદ્ધ યુવતીએ દુષ્કર્મનો આરોપ લગાવતાં ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી છે.પીડિતાએ શું ફરિયાદ કરી?સીકરના ખેડી દાતુંજલા વિસ્તારના ક્ષેત્રપાળ મંદિરના બાબા બાલકનાથે તંત્ર વિદ્યાની મદદથી તેના પરિવારની સમસ્યાઓ દૂર કરવાનું વચન આપી તેના પર દુષ્કર્મ આચર્યુ છે. બાબા અને તેના ડ્રાઈવરે આ અંગે કોઈને પણ ન જણાવવા ધમકી આપી હતી. જો કોઈને જાણ કરી તો તેના આખા પરિવારને મારી નાખવા તેમજ તેનો દુષ્કર્મનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી.પ્રસાદના નામે નશીલા પેંડા ખવડાવ્યા પીડિતાએ પોલીસને જણાવ્યું હતું કે, થોડા સમય પહેલાં તે મંદિરમાં પુજા કરવા ગઈ હતી. જ્યાં રાજેશ નામનો યુવક મળ્યો હતો. રાજેશે તેને બાબા બાલકનાથનો સંપર્ક કરાવ્યો હતો. બાબા બાલકનાથે તેની સમસ્યા દૂર કરવાનું વચન આપ્યું હતું. થોડા દિવસો બાદ બાબા બાલકનાથ તેને પોતાની ગાડીમાં તેના ઘરે મૂકી જવાનું કહ્યું, રસ્તામાં તેને પ્રસાદના નામે પેંડા ખવડાવ્યા હતા. પેંડા ખાતા જ યુવતી બેભાન થઈ ગઈ અને બાબાએ તેના પર ત્રણ વખત દુષ્કર્મ આચર્યુ હતું.

ઉકાઇ પોલીસ સ્ટેશનમાં ખુનની કોશિષના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : ગઇ તા.૧૯/૧૦/૨૦૨૪ ના રોજ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.સી.બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ. જગદીશભાઇ જોરારામભાઇ એલ.સી.બી. તાપી, એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડ, તાપીના પોલીસ માણસો સાથે પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો. જયેશભાઇ લીલકીયાભાઇ તથા અ.પો.કો. રવિન્દ્રભાઇ મહેન્દ્રભાઇને મળેલ બાતમી આધારે મહારાષ્ટ્ર રાજયના અકકલકુવા ખાતેથી ઉકાઇ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ખુનની કોશિશ તથા આર્મ એકટ મુજબના ગુનાના કામે સંડોવાયેલ નાસતો ફરતો આરોપી- રાજેન્દ્રસિંગ ઉર્ફે રાજુ સેવાસિંગ શિખલીકર (શીખ) ઉ.વ.૩૩ રહે-અક્કલકુવા સોરાપાડા તા.જી.નંદુરબાર મહારાષ્ટ્ર તા.૧૯/૧૦/૨૦૨૪ ના રોજ અટક કરી આગળની વધુ કાર્યવાહી માટે ઉકાઇ પો.સ્ટે.ને સોંપેલ છે.કામગીરી કરનાર ટીમ :- પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.સી.બી. તાપીની સુચનાથી એ. એસ. આઇ. જગદીશભાઇ જોરારામ ભાઇ, અ.હે.કો. જયેશભાઇ લીલકીયાભાઇ, અ.હે.કો. અનિરૂધ્ધસિંહ દેવ સિંહ, અ.પો.કો. રવિન્દ્રભાઇ મહેન્દ્ર ભાઇ નોકરી એલ. સી. બી. તાપી તથા પેરોલ ફર્લો સ્કોડના અ. પો. કો. રાહુલભાઇ દિગંબર ભાઇએ કામગીરી કરેલ છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા દ્વારા મહિલા કિસાન દિવસની ઉજવણી અંતર્ગત મહિલા શિબિરનું આયોજન કરવામાં આવ્યું

તારીખ : ૧૫-૧૦-૨૦૨૪
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
વ્યારા (તાપી)

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા પુરૂસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાનાં ઉપક્રમે માન. કુલપતિશ્રી ડૉ.ઝેડ. પી. પટેલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ કેવિકે-તાપી ખાતે તા. ૧૫/૧૦/૨૦૨૪નાં રોજ "મહિલા કિસાન દિવસની ઉજવણી" અંતર્ગત મહિલા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ તાલુકાની કુલ ૯૦ થી વધુ આદિવાસી મહિલાઓએ ઉમંગભેર ભાગ લીધો હતો.ડો. વિપિન ગર્ગ, માન. કલેકટર શ્રી, તાપી દ્વારા ગ્રામિણ મહિલાઓને મહિલા કિસાન દિવસની શુભેચ્છાઓ પાઠવી પ્રગતિશીલ મહિલા ઓનું સન્માન કર્યુ હતું. ડો. વિપિન ગર્ગએ કૃષિક્ષેત્રે મહિલાઓને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અપનાવી પોતાની આવક વધારવા કેવિકેનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા તેમજ મહિલાઓને કૃષિલક્ષી વ્યવસાયો થકી વધુ આવક મેળવવા હાંકલ કરી હતી. તેમજ વધુમાં વધુ મહિલાઓ બજાર વ્યવસ્થાપન અને મુલ્ય વર્ધન સાથે પણ સંકળાય તે માટે મહિલાઓને પ્રોત્સાહિત કર્યા હતાં.કાર્યક્રમની શરૂઆતમાં ડો. સી. ડી. પંડ્યા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તાપી એ ઉપસ્થિત મહાનુભાવો અને ખેડૂતોને આવકારી કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું હતું. વધુમા તેમણે મહિલાઓનો કૃષિક્ષેત્રે ફાળો તથા ગ્રામિણ મહિલાઓના સશક્તિકરણના કેવિકે-તાપીના વિસ્તરણ કાર્યો વિશે ખેડૂત મહિલાઓને અવગત કર્યા હતાં.શ્રી ચેતન ગરાસિયા, જિલ્લા ખેતી અધિકારી, તાપી દ્વારા સરકારશ્રીની ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ વિશે વિસ્તૂતમાં સમજ આપી હતી. શ્રી એ. કે. પટેલ પ્રોજેક્ટ ડાયરેકટર, આત્મા પ્રોજેક્ટ, તાપી દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને માહિતી આપી હતી. શ્રી તુષાર ગામીત, નાયબ બાગાયત નિયામક, જિ. તાપી દ્વારા સરકારશ્રીની બાગાયત લક્ષી વિવિધ યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.પ્રો. આરતી એન. સોની, વૈજ્ઞાનિક(ગૃહવિજ્ઞાન), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., વ્યારા દ્વારા મહિલાઓનું કૃષિ વિકાસમાં યોગદાન વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. વધુમા તેમણે કૃષિલક્ષી વ્યવસાયો વિશે માહિતી આપી મહિલાઓને કેવિકે થકી આપવામા આવતી તાલીમો વિશે અવગત કર્યા હતા.સદર કાર્યક્રમમા સફળ અને પ્રગતિશીલ મહિલા ઓ શ્રીમતી ઈન્દુ બેન રમણભાઇ ગામીત (કપુરા), અંજનાબેન રમણભાઇ ગામીત (નાની ચિખલી), સોનલબેન સંજય ભાઇ ગામીત (ડોલારા), ઈન્દુબેન આનંદભાઇ ચૌધરી (જામલીયા), સુનિતાબેન રમેશભાઇ ગામીત (ચિખલદા) ઓનું ઉપસ્થિત મહાનુભવો દ્વારા પુષ્પગુચ્છ, પ્રમાણપત્ર, ડ્રેગનફ્રૂટના છોડ અને સાલ દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. આરતી એન. સોની, વૈજ્ઞાનિક (ગૃહવિજ્ઞાન) અને આભાર વિધી કૃષિ વિસ્તરણ વિભાગના વૈજ્ઞાનિક ડૉ. અર્પિત જે. ઢોડિયા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમ ના અંતે નીરવ મકાણી, ટ્રેનિંગ આસિસ્ટન્ટ દ્વારા ખેડૂતોને જુદા જુદા નિદર્શન એકમોની તેમજ કેવીકેના નિદર્શન એકમોની લઇ અંતમાં મહિલાઓ દ્વારા આદિવાસી સાંકૃતિક નૃત્ય કરી ઉજવણી કાર્યક્રમને પુર્ણ કરવામાં આવ્યો હતો.

અઢી માસથી પ્રોહિબિશનના ગુનામાં નાસતા-ફરતા આરોપીને મહારાષ્ટ્ર રાજયમાથી પકડી પાડતી સોનગઢ પોલીસ

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : પો.ઈન્સ. કે.ડી. મંડોરા સોનગઢ પોલીસસ્ટેશનના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. કે.આર. પટેલને મળેલ ખાનગી બાતમી આધારે છેલ્લા અઢી માસથી સોનગઢ પો.સ્ટે.માં નોંધાયેલ પ્રોહીબિશન મુજબના કિં.રૂ. ૪, ૨૨,૪૦૦/- ના મુદ્દા માલની હેરા-ફેરીમાં સંડોવાયેલ આરોપી ધીરજ ચતુર પાટીલ હાલ રહે.રૂમ નં.૨૦૭, ગ્રીન પાર્ક,હલદરૂ ગામ, તા.કામરેજ જી.સુરત મુળ રહે.મોન્ધાલે, તા.પારોલા રૂરલ જી.જલગાંવ (મહા.) ને મહારાષ્ટ્ર રાજયના મોન્ધાલે, તા.પારોલા રૂરલ જી.જલગાંવ ખાતે હોવાની બાતમી આધારે મહારાષ્ટ્ર ખાતેથી પકડી પાડી અટક કરી આગળની તપાસ પો.સ.ઈ. કે.આર.પટેલ કરી રહેલ છે.પકડી પાડેલ આરોપીનુ નામ સરનામા:-ધીરજ ચતુર પાટીલ હાલ રહે.રૂમ નં.૨૦૭, ગ્રીન પાર્ક,હલદરૂ ગામ,તા.કામરેજ જી.સુરત મુળ રહે.મોન્ધાલે પ્રો- અમલનેર, ભવાનીનગર, સ્વામી વિવેકાનંદ માધ્યમિક વિધ્યાલયની બાજુમાં તા.પારોલા રૂરલ જી. જલગાંવ(મહા.) આરોપી નો ગુનાહિત ઈતિહાસ :-(૧)- ધરમપુર પો.સ્ટે. III પાર્ટ ગુ.ર.નં.૦૩૬૬/૨૦૧૬ પ્રોહિ એકટ કલમ-૬૫ (એ)(ઇ), ૮૧, ૯૮,૯૯, ૧૧૬(બી), ૬૬(૧) બી મુજબ(૨)- સોનગઢ પો.સ્ટે. III પાર્ટ ગુ.ર.નં.૦૨૦૦/ ૨૦૧૯ પ્રોહિ એકટ કલમ-૬૫(ઇ), ૮૧, ૯૮(૨),૧૧૬ (બી) મુજબ(૩)- નવસારી ગ્રામ્ય પો.સ્ટે. III પાર્ટ ગુ. ર. નં.૦૧૪૭/ ૨૦૧૯ પ્રોહિ એકટ કલમ -૬૫ (એ) (ઇ), ૮૧,૯૮(૨) મુજબ

સોનગઢ ખાતે "ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫" અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : સોનગઢના શકિત ટ્રસ્ટ ખાતે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ હેઠળ કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.જેમાં કુકરમુંડા, નિઝર, ઉચ્છલ,સોનગઢ, વ્યારા તાલુકાની ગ્રામ્ય કક્ષાની મહિલા ઓને લક્ષિત રાખીને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં જિલ્લા કાનુની સેવા સત્તામંડળ માંથી કાયદા નિષ્ણાંત નિલેશભાઇ પટેલ દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ હેઠળ કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવેલ અને આ કાયદો મહિલાઓ ને પોતાના જીવન મા ઉપયોગીતા અંગેનુ મહત્વ સમજાવેલ, જેમા વાસ્તવિક જીવનમાં અને કૌટુબિક જીવનમાં આવાતા પ્રશ્નો ના ઉદાહરણો દ્વારા સમજાવેલ હતા. આ કાયદા સાથે સંકાળાયેલી મહિલા ને લગતી મદદ ની જોગાવાઈઓ અંગે પણ જાણકારી આપી હતી.જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શ્રીમતી સુલોચ ના એસ. પટેલ દ્વારા મહિલાઓને મહિલાલક્ષી યોજના મહિલા અને બાળ અધિકારીની કચેરી હસ્તક ચાલતી (૧) વ્હાલી દિકરી યોજના, (૨) ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, (૩) ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના, (૪) મહિલા સ્વાવલંબન યોજના તેમજ સખી વન સ્ટોપ સેન્ટર, PBSC સેન્ટર, VMK, ૧૮૧ મહિલા અભયમ વિશે વિસ્તૃત માહીતી આપવામાં આવી હતી. ઇજીઈં ડીરેક્ટરશ્રી- કિરણભાઇ દ્વારા તેમના હસ્તક ચાલતી વિવિધ તાલીમો વિશે સંવાદ કરેલ, લીડ બેંક મેનજરશ્રી- રસિક જેઠવા દ્વારા બેંક વિષયક, વીમા કવચ વિશે તેમજ ÷ન્ઝ્ઞ કાઉન્સેલર અનિલભાઇ દ્વારા બેંક વિષયક માહીતી આપી હતી.કાર્યક્રમના અંતે જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રીની કચેરદ્વારા યોજનાકીય IECનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં શકિત ટ્રસ્ટ ડીરેક્ટરશ્રી , DHEW સ્ટાફ અને વિવિધ તાલુકાઓમાંથી આવેલ મોટી સંખ્યામાં હિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ એલસીબી પોલીસની ટીમે ડોન ગ્રામ પંચાયત માંથી ચોરેલા રૂપિયાથી ખરીદેલ ૨ બાઈક અને આહવાથી ચોરેલ ૩ મોબાઈલ સાથે યુવાનને ઝડપી પાડ્યો

LOCAL CRIME BRANCH
THE DANGS-AHWA

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : ડાંગ એલસીબીનાં પી. એસ. આઈ કે.જે.નિરંજન, તથા તેમની ટીમ સાથે ડાંગ જિલ્લા માં અનડીટેક્ટ અને મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા અંગે વોચ તપાસ પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન તેમને મળેલ બાતમી આધારે ચિંચલી થી ચીચધરા ગામ તરફ જતા જાહેર માર્ગ ઉપરથી સામેલભાઈ રામદાસભાઈ પવાર (રહે. ચિચધરા તા.આહવા જી.ડાંગ) ને પકડતા તેણે આજથી ત્રણેક મહિના પહેલા ડોન ગામે ગ્રામ પંચાયતની ઓફિસમાંથી રોકડા રૂા.૨, ૨૦, ૦૦૦ ની ચોરી કરી ચોરીના રૂપિયામાંથી વાંસદા ખડકાલા પાસેથી રૂા.૧,૫૭,૦૦૦ રોકડેથી KTM DUKE બાઈક ખરીદી કરી હતી.અને બાકીની રકમ પોતાના અંગત ખર્ચમાં વાપરેલ હોવાની કબુલાત કરેલ જે અંગે આહવા પોલીસ સ્ટેશનમાં રેકોર્ડ ઉપર જોતા આહવા પોલીસ સ્ટેશને ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયો હતો તેમજ તેમના અંગઝડતી દરમ્યાન અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૩ મળી આવેલ જેના નંબરોની રેકર્ડ ઉપર ખાતરી કરતા આહવા પોલીસ સ્ટેશને મોબાઈલ ચોરીનો પણ ગુનો નોંધાયો હતો.જે બંને ગુનાની કબૂલાત આધારે આરોપીના કબ્જામાંથી મોબાઈલ ફોન નંગ-૩ જેની કિંમત રૂપિયા રૂ.૧૪,૪૦૦ તથા બાઈક નગ-૨ જેની કિંમત રૂપિયા ૧, ૯૨,૦૦૦ સાથે કુલ રૂા.૨, ૦૬, ૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ડોનગામની ઘરફોડ ચોરી તથા આહવા ટાઉનના મોબાઈલ ચોરીના ગુનાઓમાં ડીટેક્ટ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સી.ઇ.ઓ. કામધેનુ યુનિવર્સિટી, ઉકાઇ કેન્દ્ર દ્વારા વાડી ભેસરોટ ગામે આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : સેન્ટર ઓફ એકસલન્સ ઈન એકવા કલ્ચર કામધેનુ યુનિવ ર્સિટી, ઉકાઈ કેન્દ્ર દ્વારા તાપી જિલ્લાના સોનગડ તાલુકાના વાડી ભેસરોટ ગામમાં માછીમારી કરતાં બેહનો માટે આજરોજ (૧૫મી ઓકટોબર, ૨૦૨૪) આંતર રાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે એક દિવસીય પરિસંવાદ "એન્ટરપ્રેન્યરશીપ ડેવલોપ મેન્ટ ઓફ રૂરલ વુમન ઈન ફિશરીઝ" આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી રમીલાબેન ગામીત અને વાડી ભેસરોટ ગામના ડેપ્યુટી સરપંચશ્રી જયેશભાઈ ગામીત અને તાલુકા સભ્ય શ્રી પ્રદિપભાઈ ચૌધરી તેમજ સેન્ટર ઓફ એકસલન્સના વડા ડો. સ્મિત આર. લેન્ડે ઉપસ્થિત રહેલ હતા. ગ્રામીણ વિભાગમાં રેહતા મહિલાઓનો કૃષિ અને સંલગ્ન વ્યવસાયોમાં મોટો ફાળો વૈશ્વિક સ્થરે રહે છે. માછીમારી અને મત્સ્ય વ્યવસાયમાં આધુનિક સમયમાં મહિલાઓ માટે વ્યવસાયીક ઢબે પુષ્કળ તકો છે. વૈશ્વિક સ્થરે મત્સ્યપાલન વ્યવસાયમાં ગ્રામીણ વિભાગના બેહનોની પુષ્કળ સફળ ગાથાઓ પ્રસિદ્ધ છે. આ કાર્યક્રમ દરમિયાન વાડી ભેસરોટ ગામની ૨૫ બેહનો હાજર રહેલ હતી. જેમને આ પ્રસંગે સેન્ટર ઓફ એકસલન્સ ઈન એક્વાકલ્ચર કા.યુ. ઉકાઈ કેન્દ્ર દ્વારા ફિશિંગ માટે ઉપયોગી કીટનુ પણ વિતરણ કરવામાં આવ્યું.

આર્મ્સ એકટના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી તાપી એસ. ઓ. જી.

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : શ્રી ડી.એસ. ગોહીલ, ઈ. પોલીસ ઈન્સ્પેકટર, એસ. ઓ. જી. શાખાની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. શાખાનાં પો. સ.ઈ.શ્રી એન.પી. ગરાસીયા તથા UASI આનંદજીભાઇ ચેમાભાઇ તથા અ.હે.કો. કમલેશભાઇ કૃષ્ણાભાઇ વળવી એસ.ઓ.જી. ચાર્ટરને લગતી કામગીરી કરવા તથા નાસતા ફરતા આરોપીઓ વોચ તપાસમાં હતા તે દરમ્યાન UASI આનંદજી ભાઇ ચેમ ાભાઇ તથા અ.હે.કો. કમલેશ ભાઇ કૃષ્ણાભાઇ વળવીને સંયુક્ત ખાનગી રાહે બાતમી મળેલ કે, સુરત ગ્રામ્ય પલસાણા પો.સ્ટે.મા નોંધાયેલ આર્મ એક્ટ મુજબના ગુનાના કામે સંડોવાયેલ વોન્ટેડ આરોપી સોનું હથોડા રાકેશભાઇ સિંગ રહે. માયપુર ને.હા.નં- ૫૩ નાં રોડ ઉપર આવેલ રાજપુત ઢાબા ખાતે તા.વ્યારા જી.તાપી વોન્ટેડ હોય, અને આ વોન્ટેડ આરોપી માયપુર ને.હા.નં- ૫૩ નાં રોડ ઉપર આવેલ રાજપુત ઢાબા ખાતે હોવાની બાતમી આધારે માયપુર રાજપુત ઢાબા પર જતા આ વોન્ટેડ આરોપી રાજેન્દ્ર ઉર્ફે સોનું હથોડા રાકેશભાઇ સિંગ ઉ.વ. ૨૧ ધંધો- વેપાર હાલ રહે. માયપુર ને.હા.નં- ૫૩ નાં રોડ ઉપર આવેલ રાજપુત ઢાબા ખાતે મુળ રહે. બી-૨/ ૫૩૪ રાજ અભિષેક સીટી હોમ્સ બકરા મંદિરની સામે સચીન, સુરત શહેર જી.સુરત મુળ વતન-કુદુપુર ગામ થાના રમદિયાલ ગંજ બજાર જી.જોનપુર (ઉત્તર પ્રદેશ) પકડાઇ જતા તા- ૧૬/૧૦/ ૨૦૨૪ નાં રોજ અટક કરી આગળની વધુ કાર્યવાહી માટે વ્યારા પોલીસ સ્ટેશનને સોપેંલ છે.કામગીરી કરનાર પોલીસ અધિકારી/કર્મચારીશ્રી, ડી.એસ. ગોહીલ પોલીસ ઈન્સ્પેકટર, ઇ.એસ.ઓ.જી. શાખા નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પો.સ.ઇ.શ્રી એન.પી. ગરાસીયા તથા UASI આનંદજીભાઇ ચેમાભાઇ બ.નં. ૨૬૭ તથા અ.હે.કો. કમલેશ ભાઇ કૃષ્ણાંભાઇ વળવીએ કામગીરી કરેલ છે.

માછલીઓમાંથી બનતી વિવિધ મૂલ્યવર્ધિત માછલીની બનાવટો વિષય પર ત્રણ દિવસીય તાલીમ

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : સેન્ટર ઓફ એક્સલન્સ ઈન એકવાકલ્ચર કામધેનુ યુનિવર્સીટી ઉકાઈ અને સ્પર્શ ફાઉડેશન, જે. કે. પેપર લિમિટેડ, ઉકાઈ સંયુક્ત ઉપક્રમે ત્રણ દિવસીય તાલીમ "માછલીઓમાંથી બનતી વિવિધ મૂલ્યવર્ધિત માછલીની બનાવટો" વિષય પર તારીખ ૧૪-૧૬ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ તાપી જિલ્લાના જૂની બાવલી ગામમાં યોજવામાં આવી છે. આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે સેન્ટર ઓફ એક્સલન્સ ઉકાઈ ના વડા ડો. સ્મિત લેન્ડે તેમજ સ્પર્શ ફાઉડેશનના અધિકારીશ્રી જીતેન્દ્ર પાલ હજાર રહેલ હતા. આ ત્રણ દિવસીય તાલીમમાં ડો. સ્મિત લેન્ડે અને એમની ટીમ દ્વારા માછલીઓથી બનતી વિવિધ વાનગિયો બનાવવામાં આવશે. આ તાલીમ ખરેખર અત્રેના વિસ્તારના બહનો માટે વ્યાવસાયિક દૃષ્ટિએ ભવિષ્ય માં ફાયદા કારક થશે.

ગુજરાત રક્ષા

તંત્રી સ્થાનેથી

ભારત - કેનેડાના વિવાદથી ભારતીય વિદ્યાર્થીઓ ચિંતિત

ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાને કારણે ભારત અને કેનેડા સામ-સામે થઈ ગયા છે. નિજ્જરની હત્યા બાબતે કેનેડા સરકારે ભારતીય રાજદૂત સામે શંકા વ્યક્ત કરી હતી. ભારતે આ આરોપો નકારી કાઢયા હતા. કેનેડામા મોટી સંખ્યામાં ભારતીયો નિવાસ કરી રહ્યા છે. લગભગ ૧૮ લાખ પ્રવાસી ભારતીયો તેમ જ ૧૦ લાખ એનઆરઆઇ કેનેડામાં વસવાટ કરે છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે કેનેડાની વસ્તીનો ત્રીજો ભાગ મૂળ ભારતીય છે. ભારતના વિદ્યાર્થીઓ હવે અમેરિકાને બદલે કેનેડાની યુનિવર્સિટીઓમાં ભણવાનું પસંદ કરે છે. કેનેડામાં લગભગ ૧,૨૬,૭૪૭ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ભારત અને કેનેડા વચ્ચે થયેલા વિવાદ પછી આ વિદ્યાર્થીઓ અને ભારતમાં રહેતા એમના વાલીઓ સતત ચિંતામાં છે.અખિલેશ યાદવ મહારાષ્ટ્રમાં ઓવૈસીના ગઢમાં સભાઓ કરશેસમાજવાદી પક્ષના પ્રમુખ અખિલેશ યાદવ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ખાસ રસ લઈ રહ્યા છે. મહારાષ્ટ્રના કેટલાક મુસ્લિમ મતદારો સમાજવાદી પક્ષની પડખે છે. અખિલેશ યાદવ મહારાષ્ટ્રના માલેગાવ અને ધૂળેમાં ચૂંટણી સભાઓ સંબોધશે. આ બંને મતવિસ્તાર ઓવૈસીનો ગઢ ગણાય છે. લોકસભાની ચૂંટણીમાં સપાએ ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ બેઠકો જીતી હતી. મહારાષ્ટ્રમાં સપાના બે ધારાસભ્યો છે. અખિલેશ યાદવ માને છે કે મહારાષ્ટ્રની ૩૦ બેઠકો પર સપા જીતી શકે એમ છે. અખિલેશને મહાવિકાસ અઘાડી ગઢબંધનમાં સ્થાન જોઈએ છે. સપાની માંગણી છે કે, મહાવિકાસ અઘાડીએ એમને ૧૦થી ૧૨ બેઠકો આપવી જોઈએ. જોકે આ બાબતે શિવસેના (ઉદ્ધવ ઠાકરે) અને એનસીપી (શરદ પવાર) સહમત થતા નથી. વધુમાં વધુ સપાને ચાર બેઠકો આપવા માટે મહાવિકાસ અઘાડી સહમત થઈ શકે એમ છે.મહારાષ્ટ્ર સરકારે શિવાજી મહારાજનો વારસો બદનામ કર્યોઃ કોંગ્રેસ મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજ ભગવાનની જેમ પૂજાય છે. કોંગ્રેસનું માનવું છે કે, મહારાષ્ટ્રની મહાયુતિ સરકારે સત્તા પર આવ્યા પછી શિવાજી મહારાજની બદનામી થાય એવા કૃત્યો કર્યા છે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે કહ્યું છે કે, ‘જે લોકો મહારાષ્ટ્રનો ગૌરવભર્યો ઈતિહાસ અને સંસ્કૃતિનો સ્વિકાર નથી કરતા એમને આવતા મહિને પ્રજા જવાબ આપશે. મહારાષ્ટ્રની સરકારે જે રીતે લૂંટફાટ ચાલુ કરી છે એ શિવાજીનું અપમાન છે. ભ્રષ્ટાચારને કારણે સિંધુદૂર્ગમાં આવેલી શિવાજી મહારાજની ૩૫ ફૂટ ઉંચી પ્રતિમા તૂટી ગઈ હતી. ભ્રષ્ટ સરકારે શિવાજી મહારાજને પણ છોડયા નથી.એકનાથ શિંદેના સાંસદ પુત્રએ મહાકાલ મંદિરના નિયમો તોડયામહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના સાંસદ પુત્ર શ્રીકાંત શિંદે પર મધ્યપ્રદેશમાં આવેલા મહાકાલ મંદિરના નિયમો તોડવાનો આરોપ લાગ્યો છે. મહાકાલ મંદિરના ગર્ભગૃહમાં જઈને પૂજા કરવાની પરવાનગી કોઈને નથી. શ્રીકાંત શિંદેએ પત્ની અને બીજા બે સાથીદારો સાથે મંદિરના ગર્ભગૃહમાં જઈને પૂજા કરી હતી. આ બાબતે વિવાદ થતા મંદિરના સંચાલકોએ કહ્યું હતું કે તપાસ કર્યા પછી જે પણ કોઈ દોશી જણાશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. શ્રીકાંત શિંદે ગર્ભગૃહમાં પૂજા કરતા હોય એવા વીડિયો અને ફોટોગ્રાફસ પણ વાયરલ થઈ રહ્યા છે.પિતાની હત્યા બાદ જીસાન સિદ્દીકીનું પહેલું નિવેદનપિતા બાબા સિદ્દીકીની હત્યા પછી એમના પુત્ર અને કોંગ્રેસના ધારાસભ્ય જીસાન સિદ્દીકીએ સોશિયલ મીડિયા પર લાગણીશીલ પોસ્ટ મૂકી છે. એમણે લખ્યું છે કે, ‘આજે મારો પરિવાર તૂટી ગયો છે. આ બાબતે રાજકારણ થવું જોઈએ નહી. જો પિતાના મોત પર રાજકારણ થશે તો એ યોગ્ય નહી હોય. મને ન્યાય જોઈએ છે, મારા પરિવારને પણ ન્યાય જોઈએ છે.‘ બાબા સિદ્દીકી વર્ષો સુધી કોંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા હતા. પરંતુ ઈડીની તપાસ શરૂ થતા જ તેઓ સત્તાધારી પક્ષ એનસીપી (અજીત પવાર) સાથે જોડાઈ ગયા હતા. જોકે એમના પુત્ર જીસાને કોંગ્રેસમાં રહેવાનું પસંદ કર્યું હતું.વાયનાડમાં પ્રિયંકા વાડ્રાની સામે સીપીઆઇએ ઉમેદવાર ઉભો રાખ્યોવાયનાડમાં ૧૩મી નવેમ્બરે લોકસભાની પેટા ચૂંટણી માટે મતદાન થવાનું છે. આ બેઠક પરથી પ્રિયંકા વાડ્રા કોંગ્રેસ તરફથી ચૂંટણી લડવાના છે. વાયનાડ બેઠક કોંગ્રેસનો ગઢ ગણાય છે. આ બેઠક પરથી અગાઉ રાહુલ ગાંધી પણ સાંસદ તરીકે ચૂંટાયા હતા. હવે સીપીઆઇએ પણ વાયનાડની બેઠક પરથી ઉમેદવાર ઉભો રાખવાનું નક્કી કર્યું છે. સીપીઆઇના નેતા સત્યન મોકેરી વાયનાડથી લોકસભાની ઉપ ચૂંટણી લડશે. મોકેરી ૨૦૧૪માં પણ રાહુલ ગાંધી સામે ઉભા રહ્યા હતા, પરંતુ તેઓ ચૂંટણી હારી ગયા હતા. આ વખતે પણ મોકેરીના જીતવાના કોઈ ચાન્સ નથી પરંતુ સીપીઆઈએ વાયનાડના કાર્યકર્તાઓની માંગણીને કારણે ઉમેદવાર ઉભા રાખ્યા છે.લઠ્ઠાકાંડ મામલે તેજસ્વીના નિતિશકુમાર સામે ગંભીર આરોપગુજરાત અને બિહારમાં દારૂબંધી છે અને આ બંને રાજયોમાં વારંવાર લઠ્ઠાકાંડ થતા રહે છે. બિહારમાં લઠ્ઠાકાંડને કારણે ૩૦થી વધુના મૃત્યુ થયા છે અને સેંકડોએ દ્રષ્ટી ગુમાવી છે. આ બાબતે બિહાર વિરોધપક્ષના નેતા તેજસ્વી યાદવે નિતિશકુમારને સંકજામાં લીધા છે. તેજસ્વી યાદવનું કહેવું છે કે આટલી મોટી સંખ્યામાં ગરીબોના મૃત્યુ થયા હોવા છતાં મુખ્યમંત્રી મૌન છે. બિહારમાં દારૂબંધીને કારણે લીકર માફિયા બેફામ બન્યા છે. લઠ્ઠાકાંડને કારણે લોકો મર્યા નથી. એમની હત્યા થઈ છે. આટલી મોટી ઘટના બની હોવા છતાં કોઈ અધિકારી પર પગલાં લેવામાં આવ્યા નથી. ગરીબો સામે કેસ થાય છે, પરંતુ જ્યાંથી દારૂ સપ્લાય થાય છે એમને કઈ થતું નથી. પોલીસને પણ બધી જ ખબર છે, પરંતુ ભ્રષ્ટાચારને કારણે કોઈ પગલાં લેવામાં આવતા નથી.ગિરિરાજની પદયાત્રાને બિહાર ભાજપે ખાનગી ગણાવીબિહારમાં ગિરિરાજ સિંહની હિન્દુ સ્વાભિમાન યાત્રા શરૂ થઈ છે.

મહારાષ્ટ્રમાં મહાયુતિ વચ્ચે સીટ- શેરિંગની ફોર્મ્યુલા નક્કી : સૂત્ર

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ બેઠક વહેંચણીને મુદ્દે મહાયુતિના નેતાઓ વચ્ચે બેઠકો ચાલી રહી છે. જેમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગઈકાલે રાત્રે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે બેઠક કરી હતી. આ દરમિયાન સત્તાધારી પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને વાતચીત સફળ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર લગભગ તમામ બેઠકો પર વાતચીતને આખરી ઓપ આપવામાં આવ્યો છે.ચૂંટણીની જોરશોરથી તૈયારીઓ કરવા પણ સૂચના આ બેઠક અઢી કલાક સુધી ચાલી હતી અને મળતી માહિતી મુજબ કેટલીક બેઠકો પર નિર્ણય હજુ બાકી છે. જ્યારે અમિત શાહે મિટિંગ દરમિયાન સૂચન કર્યું છે કે રાજ્યના નેતાઓએ સાથે મળીને બાકીની બેઠકો પર નિર્ણય લેવો જોઈએ. આ સાથે અમિત શાહે ચૂંટણીની જોરશોરથી તૈયારીઓ કરવા પણ સૂચના આપી છે.કોની પાસે કેટલી બેઠકો ?ભાજપની આગેવાની હેઠળના ગઠબંધન ને મહાયુતિ કહેવામાં આવે છે. મહારાષ્ટ્ર વિધાન સભામાં હાલ ભાજપના ૧૦૩ ધારાસભ્યો છે. શિવસેના પાસે ૩૭, NCP પાસે ૩૯ ધારાસભ્યો છે. જ્યારે નાના પક્ષોના ૯ સભ્યો અને ૧૩ અપક્ષો પણ વિધાનસભામાં છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં કોંગ્રેસ, શરદ પવાર જૂથ અને ઉદ્ધવ ઠાકરેનું ગઠબંધન વિપક્ષમાં છે. કોંગ્રેસ પાસે ૩૭ ધારાસભ્યો છે. શિવસેના (UBT)પાસે ૩૭ ધારાસભ્યો છે. NCP(શરદ ચંદ્ર પવાર) પાસે ૧૩ ધારાસભ્યો છે. એક અપક્ષ સભ્ય પણ ગઠબંધનનો હિસ્સો છે. જ્યારે તે ભારતીય શેતકરી વર્કર્સાર્ટી ના ધારાસભ્ય છે. આ સાથે મહારાષ્ટ્ર વિધાન સભામાં MIM ના ૨, સમાજવાદી પાર્ટીના ૨ અને CPI(M) ના ૧ ધારાસભ્યો છે.મહારાષ્ટ્ર વિધાન સભાનો કાર્યકાળ ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. મહારાષ્ટ્ર વિધાન સભા માં કુલ ૨૮૮ સીટો છે. જેના પર ૨૦મી નવેમ્બરે મતદાન થવાનું છે. જ્યારે ૨૩મી નવેમ્બરે પરિણામ જાહેર થશે. તેમજ સત્તા મેળવવા માટે બહુમતીનો આંકડો ૧૪૫ બેઠકનો છે

બેઉ બળીયા બાથે વળગ્યા : મસ્ક અને મુકેશ વચ્ચેની સ્પેક્ટ્રમ માટે લડાઇ

બેઉ બળીયા બાથે વળગ્યા, કૃષ્ણે કાળીનાગ નાથીયો... આ પ્રભાતિયાથી સૌ પરિચિત છે.જયારે બે તાકાતવર વ્યક્તિઓ લડે છે ત્યારે લોકોની નજર તેમના તરફ ખેંચાય તે સ્વાભાવિક છે. અહીં જે બે બળીયાની વાત થઈ રહી છે તે વિશ્વના ટોપ ટેન અબજોપતિમાં સ્થાન પામતી અતિ ધનાઢ્ય વ્યક્તિઓ છે - ટેસ્લા અને સ્પેસએક્સના ઈલોન મસ્ક અને ભારતના રિલાયન્સ કિંગ મુકેશ અંબાણી. આ બંને મહારથીઓ પોતપોતાના દેશમાં સત્તાધારી રાજ કરાણીઓ સાથે ખાસ્સી નિકટતા ધરાવે છે. અમેરિકાની આગામી ચૂંટણીમાં પ્રમુખપદ માટે લડી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મસ્કને સારી દોસ્તી છે. ટ્રેમ્પ તો ખુલ્લેઆમ કહે છે કે હું જીતીશ તો મસ્કને મારી નજીક રાખીશ. ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુકેશ અંબાણી વચ્ચેની નિકટતાને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેટલીય વાર ટાર્ગેટ બનાવી ચૂક્યા છે.ભારતમાં પોતાનું ધાર્યું થઈ શકશે એમ માનનારા ઈલોન મસ્કને પહેલો સેટબેક તેમની આધુનિક કાર ટેસ્લાના પ્રવેશ મુદ્દે મળ્યો હતો. ભારતે ડ્યુટી ફીનો પ્રશ્ન ઉઠાવીને ટેસ્લાને ભારત આવતા રોકી હતી. લાંબા સમય સુધી ભારતે મસ્કને મચક આપી નહોતી. અમેરિકન બાઇક હર્લી ડેવિડસનના કિસ્સામાં પણ ભારત કડક બન્યું હતું. આજે વાત મસ્ક અને અંબાણી વચ્ચે ફાટી નીકળેલા સ્પેક્ટ્રમ વોરની છે. સ્પેક્ટ્રમની ફાળવણી વહીવટી રીતે કરવાના નિર્ણયને મસ્કે આવકાર્યો હતો અને ભારતની પ્રશંસા કરી હતી. ટેલિકોમ પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાની મસ્કે પ્રશંસા કરી હતી. મસ્કની પ્રકૃતિ તડફડવાળી છે. એ પોતાની માલિકીના સોશિયલ મીડિયા એક્સ (ટ્વિટર) પર બિનધાસ્તપણે પોતાનું મંતવ્ય રજૂ કરી દે છે. તેમણે સ્પેક્ટ્રમની હરાજી સિસ્ટમ સામે વિરોધ નોંધાવ્યો ત્યારે ભારત સરકાર સ્તબ્ધ થઇ ગઇ હતી. મસ્કનો વિરોધ સીધો જ રિલાયન્સના મુકેશ અંબાણીને સ્પર્શે છે. મસ્કે કહ્યું હતું કે સેટેલાઇટ બ્રોડબેન્ડની ફાળવણી માટે હરાજી કરાય તે યોગ્ય નથી. આ વાત હકીકતે તો ભારતની સ્પેક્ટ્રમ આપવાની નીતિની સીધી ટીકા સમાન છે. ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઇએ પ્રતિભાવ આપતાં તરત કહ્યું હતું કે અમે હરાજીથી ફાળવણી નહીં કરીએ, પણ વહિવટી પદ્ધતિ અપનાવીશું. વહિવટી પધ્ધતિમાં સ્પેક્ટ્રમ લેનારની કંપનીની ક્ષમતા, તેની જવાબદેહી વગેરેને ધ્યાનમાં લેવામાં આવશે. જોકે ટ્રાઇના નિર્ણયની સામે રિલાયન્સ કંપનીએ વાંધો ઉઠાવીને કહ્યું હતું કે અમે ટ્રાઇના નિર્ણયને પડકારીશું. અહીં મહત્ત્વની વાત એ છે કે ટ્રાઇના નિર્ણય પછી સ્પેક્ટ્રમ માટેની સ્પર્ધા તીવ્ર બનશે. સ્પેક્ટ્રમ પર કન્ટ્રેલ કરવા માટે જે રીતે ઈલોન મસ્કે વાંધો ઉઠાવ્યો હતો તે જોતાં લાગે કે તેમની વાતમાં દમ છે, પરંતુ મુકેશ અંબાણીના મતે તે સ્પેક્ટ્રમની ફાળવણી માટે હરાજીની વર્ષોથી ચાલી આવતી પરંપરાને ફગાવી દેવી ન જોઈએ.આ લડાઈ બેઉ બળીયાની છે એવું એટલા માટે કહ્યું છે કે અતિ મહત્ત્વાકાંક્ષી ડોનાલ્ડ ટ્રમ્પ પણ ભારત સાથે જેવા સાથે તેવા પગલાંનો અનુરોધ કરી ચૂક્યા છે. હર્લી ડેવિડસન એપિસોડમાં ભારતે તેમને હંફાવી દીધા હતા. આ કિસ્સામાં અમેરિકાની લોબી ભારતમાં નિષ્ફળ ગઇ હતી.ભારતમાં ગઇ લોકસભાની ચૂંટણી ના આગલા દિવસોમાં ઈલોન મસ્ક ભારતની મુલાકાતે આવવાના હતા. તેઓ ભારતમાં અબજો ડોલરના રોકાણની જાહેરાતો કરવાના હતા. તેમની અને વડાપ્રધાન મોદી વચ્ચેની મુલાકાત નક્કી થઈ ચૂકી હતી. આ મુલાકાત દરમ્યાન થનારાં રોકાણોની જાહેરાતની અસર લોકસભાની ચૂંટણીઓ પર થશે અને ભાજપને તેનાથી લાભ થશે એવી રજૂઆત વિપક્ષે કરી હતી. જોકે આ વિવાદ વચ્ચે મસ્કે અચાનક ભારત ન આવવાનો નિર્ણય જાહેર કરીને સૌને ચોંકાવી દીધા હતા. સ્પેક્ટ્રમની ફાળવણીમાં હકીકતે તો સ્ટાર્ટઅપને જોડવા જોઇએ. સ્ટાર્ટઅપ પાસે જે ઇનોવેશન હોય છે તે મોટી કંપનીઓ પાસે પણ હોતાં નથી. ભારતમાં ૬૩ જેટલાં ટેલિકોમ્યુનિકેશન્સ સ્ટાર્ટઅપ છે. જોકે તેમને સ્પેક્ટ્રમ ફાળવણીથી દૂર રાખવામાં આવી રહ્યા છે.ઈલોન મસ્કના સ્ટારલિંક અને મુકેશ અંબાણી ના રિલાયન્સ જીયો વચ્ચે ધાર્યા કરતાં વહેલી વોર શરૂ થઇ ગઇ છે. હવે જ્યારે બજારમાં ઈલોન મસ્કનું સ્ટારલિંક પ્રવેશી ચૂક્યું છે ત્યારે તે સ્પેક્ટ્રમ અંકે કરવા ઝંપલાવવા ઉત્સુક છે.

સગીર વયે સગાઇ ’સાથીની પસંદગી’ની સ્વતંત્રતાનું ઉલ્લંઘન

સુપ્રીમ કોર્ટે બાળ વિવાહને લઇને મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે સાથે જ ગાઇડલાઇન જારી કરીને કહ્યું છે કે બાળ વિવાહને કોઇ પણ વ્યક્તિગત કાયદાની પરંપરાઓ હેઠળ બાધિત ના કરી શકાય. એક એનજીઓ દ્વારા દાખલ જાહેર હિતની અરજી (પીઆઇએલ)માં આરોપ લગાવાયો છે કે બાળ વિવાહના કાયદાનો રાજય સ્તરે વ્યવસ્થિત અમલ નથી થઇ રહ્યો. જેને પગલે બાળ વિવાહના મામલા પણ વધી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે આ મામલામાં સમગ્ર દેશ માટે ગાઇડલાઇન જાહેર કરીને બાળ વિવાહને અટકાવવા તમામ રાજ્યોને ટકોર કરી છે.સુપ્રીમ કોર્ટે આ અરજીની સુનાવણી બાદ બાળ વિવાહ સામે ગાઇડલાઇન જારી કરતા કહ્યું છે કે માતા પિતા દ્વારા પોતાના કિશોર વયના પુત્ર કે પુત્રીઓની પુખ્ત વયના થાય તે પહેલા જ લગ્ન માટે સગાઇ કરાવવી તે સગીરોના જીવન સાથીને સ્વતંત્ર રીતે પસંદ કરવાના અધિકારોનું ઉલ્લંઘન છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે રાજ્યો સાથે વાતચીત કરીને એ જણાવો કે બાળ વિવાહ પર રોક લગાવવાના કાયદા પર પ્રભાવી અમલ માટે શુ પગલા લેવામાં આવ્યા. આ ચુકાદો આપતા મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડે કહ્યું હતું કે બાળકોના લગ્ન અટકાવવા પર વધુ ધ્યાન આપવું જોઇએ બાળ વિવાહ કરાવનારા સામે જે દંડની કાર્યવાહી કરવાની થાય છે તે અંતિમ ઉપાય છે. દરેક સમુદાય માટે અલગ અલગ રણનીતિ તૈયાર કરવી જોઇએ, પોલીસ અધિકારીઓને આ માટે વિશેષ તાલિમ આપવી જોઇએ. લોકોમાં બાળ વિવાહ સામે જાગૃતિ લાવવી જરૂરી છે. બાળ વિવાહ સામેના કાયદાના અમલને કોઇ પણ પ્રકારના પર્સનલ લો કે પરંપરાઓથી અટકાવી ના શકાય. મરજી મુજબના જીવનસાથીની પસંદગી કરવાની દરેકને સ્વતંત્રતા છે અને બાળ વિવાદ આ સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે. બાળ વિવાહ સામાજિક દૂષણ છે.મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે બાળ વિવાહ બાળકોને તેના બાળપણનો સંપૂર્ણ આનંદ લેવાથી વંચિત રાખે છે. જે બાળકીઓના ગેરકાયદે લગ્ન કરી દેવાય છે તે પોતાના માતા પિતાથી તેમજ પરિવારના માહોલથી અલગ રહેવા મજબૂર થાય છે. આવી બાળકીઓને બાદમાં તેમના સાસરિયાની દયા પર છોડી દેવામાં આવે છે. બાદમાં તેના પર જવાબદારીઓનો બોજ નાખવામાં આવે છે. ૨૦૧૯-૨૧ના રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણના રિપોર્ટમાં સામે આવ્યું છે કે ૧૮ વર્ષથી ઓછી વયની ૨૩.૩ ટકા સગીરાઓ અને ૨૧ વર્ષથી ઓછી વયના ૧૭.૭ ટકા સગીરો બાળ વિવાહ કરે છે.જિલ્લાના પોલીસ વડા પણ જવાબદાર : સુપ્રીમ કોર્ટના આકરા આદેશ -જિલ્લા સ્તરે અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે, અમલ કરવામાં નિષ્ફળ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે.-જિલ્લા સ્તરના અધિકારીઓ પર અન્ય કાર્યોનો બોજ નાખવામાં નહીં આવે તેમને માત્ર બાળ વિવાદ અટકાવવાની જવાબદારી સોંપાશે. -જો અધિકારીઓ પાસે પોતાની ફરજ નિભાવવા પુરતી વ્યવસ્થા ના હોય તો તેનો રિપોર્ટ રાજય બાળ-મહિલા વિકાસ મંત્રાલયને સોંપવો -બાળ અને મહિલા વિકાસ મંત્રાલય આ રિપોર્ટ મળ્યાના ત્રણ મહિનામાં તેનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે. - તમામ જિલ્લાના વડા કે જિલ્લા સ્તરના પોલીસ વડા પણ બાળ વિવાહને અટકાવવા માટે જવાબદાર ગણાશે તેઓ બાળ વિવાહ કરાવનારાઓ સામે કાર્યવાહી માટે સ્વતંત્ર રહેશે. - ગૃહ મંત્રાલય બાળ વિવાહ અટકાવવા માટે એક વિશેષ પોલીસ એકમની સ્થાપના કરવા વિચાર કરશે.

પીળુ પત્રકારત્વ કરનારાઓનો સાથ લઈ સ્થાનિક પત્રકારોને ડરાવવા નિકળેલા નિનેશ ભાભોર સામે ખાતાકીય તપાસ કરાવી બદલી કરવા માંગ

જીલ્લા બહાર બદલી ન થાય ત્યાં સુધી મીડિયા અને વહીવટી તંત્ર વચ્ચે બગડેલા સંબંધો સુધરવા અશક્ય

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : નેશનલ પ્રેસ એસોસિએશન નાં નેજા હેઠળ આજરોજ તાપી જીલ્લાનાં પત્રકારો દ્વારા તાપી જીલ્લા કલેક્ટર શ્રીને આવેદન પત્ર આપી સ્થાનિક પત્રકારોને રંજાડ નારા જીલ્લાનાં સહાયક માહિતી નિયામક નિનેશ ભાભોર ઉપર ખાતાકીય તપાસ કરાવી બદલી કરવાની માંગ કરાઈ છે.તાપી જીલ્લા કલેકટર કલેકટરશ્રીને પત્રકારો દ્વારા અપાયેલ આવેદન પત્રમાં જણાવાયું છે કે, તાપી જીલ્લામાં સહાયક માહિતી નિયામક તરીકે જયારથી નિનેશ ભાભોરની નિમણૂંક થઈ છે ત્યારથી નિનેશ ભાભોર દ્વારા પત્રકારો સાથે બિનજરૂરી માથાકૂટ-ઝઘડો કરતા આવેલા છે. નિમ્નકક્ષાનું પીળુ પત્રકારત્વ કરનાર અને ધાકધમકી આપી પૈસા પડાવનાર જીલ્લા બહારના પત્રકાર-તંત્રી સાથે મળી સ્થાનિક પત્રકારોને ડરાવા-ધમકાવવાનું કામ પોતાના સરકારી હોદ્દાનો દૂરઉપયોગ કરી કરતા આવેલા છે. પત્રકારો વિરૂદ્ધ પ્રેસ કોન્ફરન્સ કરી માહિતી ખાતાના વોટ્સએપ ગૃપમાં બદનક્ષીકારક લખાણો લખી બદનામ કરતા આવ્યા છે. સ્થાનિક પત્રકારો વિરૂદ્ધ એલફેલ બોલે છે અને બોલેલું પીળુ પત્રકારત્વ કરનારાઓ પાસે છપાવે છે અને છાપેલું ફરી માહિતી ખાતાના વોટ્સએપ ગૃપમાં પોસ્ટ કરી પત્રકારોને બદનામ કરી ઉશ્કેરણી કરતા આવેલા છે. માહિતી ખાતાના વોટ્સએપ ગૃપમાં મૂકાતી પોસ્ટ બાબતે તપાસ કરતા પીળુ પત્રકારત્વ કરનારાઓ સાથે ભાભોરના સારા સંબંધો છે એ વાત સ્પષ્ટ થાય છે.આ ભાભોરે પોતાને સુપર અધિકારી માની લઈ કલેકટરશ્રી કે માહિતી ખાતાના અધિકારીઓની મંજૂરી લીધા વિના પોતાનો અંગત હેતુ સિદ્ધ કરવા અને પોતાનો દ્વેષ સંતોષવા સરકારી હોદ્દાનો દૂરઉપયોગ કરી પત્રકારો વિરૂદ્ધ વારંવાર પ્રેસ કોન્ફરન્સ કરતા આવેલ છે તેમ છતા જીલ્લા કલેક્ટરશ્રી કે માહિતી વિભાગ દ્વારા શિસ્તભંગની કાર્યવાહી નહી કરવામાં આવતા ભાભોરે પત્રકારોને બદનામ કરવાનુ ચાલુ જ રાખ્યું છે જેથી પત્રકારો અને વહીવટીતંત્ર વચ્ચેના સંબંધોમાં મોટી તિરાડ આવી છે અને સરકારી પ્રચાર પ્રસારની કામગીરી ઉપર અસર વર્તાઈ રહી છે.આ ભાભોરે સરકારની વિકાસ લક્ષી કામગીરી, યોજનાઓ માહિતી કે કાર્યક્રમો લોકો સુધી પહોંચે તેવું કામ કરવાને બદલે પોતાનો સરકારી સમય પત્રકારો સાથે લડવામાં-બદનામ કરવામાં વેડફી રહ્યો હોવા છતાં તેમની સામે શિસ્ત ભંગના પગલાં લેવાતા નથી જે ખૂબ જ ગંભીર વહીવટી ક્ષતિ છે. સરકારી હોદ્દાનો દૂર ઉપયોગ કરી પત્રકારો કે આમ જનતાને ડરાવવાનું વધુ સાંખી લેવાશે નહીં. વહીવટી તંત્ર અને મીડિયા વચ્ચે બગડેલા સંબંધો ભાભોરની બદલી વગર સુધારવા શક્ય જણાતા નથી જેથી તેમની વિરૂદ્ધ ખાતાકીય તપાસ કરી તેમની બદલી અન્ય જિલ્લામાં કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય અગાઉ સહાયક માહિતી નિયામક નિનેશ ભાભોરે બહુજન સમ્રાટ સાપ્તાહિકમાં છપાયેલા એક આર્ટિકલ બાબતે પોતાના વિશે જ છપાયું છે એવું માની લઈ આ અખબારની બદનામી કરવા માટે પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને આ પ્રેસ કોન્ફરન્સમાં અખબાર અને તેના તંત્રી ઉપર પાયા વિહોણા ખોટા આક્ષેપો કરી સમાજમાં બદનામી થાય તેવું કૃત્ય કર્યુ હતું. જે બાબતે બહુજન સમ્રાટ સાપ્તાહિક અખબારના માલિક અને તંત્રી પરેશ અટાલીયાએ અખબાર અને પ્રિન્ટર વિરૂદ્ધ કરાયેલા આક્ષેપોનું ખંડન કરી તમામ આક્ષેપોને સખત શબ્દોમાં વખોડી કાઢ્યા હતાં.

ડાંગ જિલ્લાની સાપુતારા પોલીસની ટીમે છેલ્લા ૪ વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને કોટમદર ખાતેથી ઝડપી પાડ્યો

(અર્જુન જાધવ દ્વારા, વઘઈ) : ડાંગ જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલ દ્વારા નાસતા ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા માટે સૂચના આપી હતી.જે સૂચનાનાં અન્વયે સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસની ટીમે મહારાષ્ટ્ર રાજયના નાસિક જિલ્લાના નીફાડ પોલીસ મથકનો છેલ્લા ૪ વર્ષથી ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને કોટમદર ગામ ખાતેથી ઝડપી પાડ્યો હતો.સાપુતારા પોલીસ મથકનાં પી. આઈ. આર. એસ. પટેલને ખાનગી રાહે બાતમી મળી હતી.જે બાતમીના આધારે સાપુતારા પોલીસની ટીમે મહારાષ્ટ્ર રાજયના નાસિક જિલ્લાના નીફાડ પોલીસ મથકનો છેલ્લા ૪ વર્ષથી ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી લીલાધર ઉર્ફે બાબાજી બાબુરાવ પવાર (રહે. કોટમદર તા.આહવા જી.ડાંગ) આરોપી માટે પોલીસે વોચ ગોઠવી હતી.અને કોટમદર ખાતેથી આ વોન્ટેડ આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો.તેમજ આરોપીની અટકાયત કરીને તેને હસ્તગત કરીને મહારાષ્ટ્રનાં નીફાડ પોલીસને સોંપવામાં આવેલ છે.

ગુજરાતના ૧૪ જિલ્લામાંથી તાપી જિલ્લાના રાષ્ટ્રીય શૈક્ષીક આચાર્ય સંઘના અધ્યક્ષ કેતન શાહનું સુરત પોલીસ કમિશ્નર ગેહલોત દ્વારા શ્રેષ્ઠ કામગીરી બદલ ટ્રોફી પ્રમાણપત્રથી બહુમાન કરાયું

MANAK MAHOTSAV
SHARED VISION
मानक महोत्सव
WORLD STANDARDS DAY
14 OCTOBER 2024
BUREAU OF INDIAN STANDARDS
SURAT
सूरत शाखा कार्यालय
भारतीय मानक ब्यूरो

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : ગુજરાતના ૧૪ જિલ્લામાંથી તાપી જિલ્લાના રાષ્ટ્રીય શૈક્ષીક આચાર્ય સંઘના અધ્યક્ષ કેતન શાહનું આજરોજ ભારત સરકાર ના બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના નેજા હેઠળ સુરત પોલીસ કમિશ્નર ગેહલોત દ્વારા શ્રેષ્ઠ કામગીરી બદલ ટ્રોફી પ્રમાણપત્રથી બહુમાન કરી વિશ્વ માનક દિવસની ઉજવણી કરી.આજ રોજ સુરત ઝોનના બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ભારત સરકાર દ્વારા અધિકૃત સંસ્થા દર વર્ષે ૧૪ ઓક્ટોબરે ઉદ્યોગમાં જાગૃતિ લાવવા અને ગ્રાહકોને વૈશ્વિક અર્થતંત્રમાં માનકીકરણનું મહત્વ બતાવવા માટે ઉજવવામાં આવે છે. જેમાં સ્ટાન્ડર્ડતાનું મહત્વ, વસ્તુની ગુણવત્તા જાળવવાની તેમજ ટકાવ અને જૈ દ્વકિ વાળી વસ્તુનો જ ઉપયોગ કરવો જોઈએ. તેના વિષે શાળાઓમાં બાળકમાં જાગૃતતા ફેલાવવા અને સમજણ કેળવવા સ્ટાન્ડર્ડ ક્લબની સ્થાપના કરવામાં આવી. જેમાં જિલ્લા રીસોર્શ પર્સન એવમ તાલીમાર્થી તજજ્ઞની નિમણુંક કરવામાં આવી છે. જેમાં ગુજરાતના ૧૪ જીલ્લામાંથી શ્રેષ્ઠ કામગીરી બદલ સુરત પોલિસ કમિશનર નાં હસ્તે ટ્રોફી પ્રમાણપત્ર આપી તાપી જિલ્લાના રાષ્ટ્રીય શૈક્ષિક આચાર્ય સંઘના અધ્યક્ષ જે વિરપુર વિદ્યાલયના આચાર્ય કેતન શાહનું સન્માન કરવામાં આવ્યું. જેઓએ તાપી જીલ્લાના છેવાડાની ૨૩ શાળાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૯ થી ૧૨ ધોરણના ૯૮૨૦ વિદ્યાર્થીઓને માહિતી આપી વસ્તુની ગુણવત્તા વાળા સામાન, ટકાવ વસ્તુ વાપરવી તેમજ isi mark, ISO, BIS વિષે શાળા ઓમાં નિબંધસ્પર્ધા, ચિત્રસ્પર્ધા, પ્રવાસ યોજી ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં અગ્રસર રહ્યા. આમ શ્રેષ્ઠ કામગિરી બદલ કેતન શાહનું સન્માન સુરત પોલિશ કમિશ્નરશ્રી ગેહલોત દ્વારા કરવામાં આવ્યું.

સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટ પટેલની ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ તરીકે વરણી

સંગઠનને સમર્પિત એવાં બાહોશ લીડર કિરીટ પટેલની કાર્યદક્ષતાની રાજ્ય સંઘે નોંધ લેતાં તેમનાં પર અભિનંદનની વર્ષા

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : સુરત જિલ્લા સહિત રાજયભરનાં પ્રાથમિક શિક્ષકોનાં પ્રશ્નો માટે હરહંમેશ પ્રયત્નશીલ અને કટિબદ્ધ એવાં સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ જયંતિભાઈ પટેલને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષકનાં પ્રમુખ દિગ્વિજય સિંહ જાડેજા તથા મહામંત્રી જૈમિનભાઈ પટેલ દ્વારા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવતા જિલ્લા શિક્ષણ આલમમાં આનંદની લહેર વ્યાપી જવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કિરીટભાઈ પટેલે શિક્ષક તરીકે ત્યારબાદ ઓલપાડનાં બી.આર.સી. કો-ઓર્ડિનેટર તરીકે ઉમદા ફરજ અદા કરી જિલ્લાભરમાં લોકચાહના મેળવી છે. તેમનાં માનસપટ પર સદા માટે વિદ્યાર્થી, શાળા તથા શિક્ષક હિત અંકિત થયેલ છે. તેમણે પોતાનાં હકારાત્મક અભિગમ થકી શૈક્ષણિક, સામાજિક તથા સહકારી ક્ષેત્રે અવિરત હરણફાળ ભરી છે. સંગઠનને સમર્પિત એવાં બાહોશ લીડર કિરીટભાઈ પટેલની કાર્ય દક્ષતાની રાજ્ય કક્ષાએ નોંધ લેવાતાં સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી અરવિંદ ચૌધરી, સિનિયર કાર્યવાહક પ્રમુખ બળવંત પટેલ, પ્રફુલ પટેલ, ધીરુ પટેલ,અનિલ ચૌધરી સહિત જિલ્લા સંઘનાં તમામ હોદ્દેદારો, તાલુકા ઘટક સંઘનાં પ્રમુખ અને મંત્રીઓ ઉપરાંત શિક્ષક ભાઈ-બહેનોએ આનંદ અને ગૌરવ સહ અભિનંદન પાઠવ્યા હતાં. એમ જિલ્લાનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

વાલોડ પોલીસ સ્ટેશનનો મોબાઇલ ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી/ પેરોલ- ફર્લો સ્કોર્ડ તાપી

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : ગઇ તા.૧૯/૧૦/૨૦૨૪ ના રોજ પોલીસ ઈન્સ્પેકટરશ્રી એલ. સી. બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એ. એસ. આઇ. ગણપતસિંહ રૂપ સિંહ બારીયા એલ.સી.બી. તાપી તથા એલ.સી.બી. /પેરોલ ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ માણસોએ ખાનગી બાતમીદારો રોકી તેમજ ટેક્નીકલ સર્વેલન્સ આધારે તપાસ ચાલુ હતી. દરમ્યાન સાથેના એ.એસ.આઇ. ગણપતસિંહ રૂપસિંહ બારીયા તથા અ.હે.કો. વિનોદભાઈ પ્રતાપભાઈને સયંકત્ત રીતે બાતમી હકિકત મળેલ કે, વાલોડ પોલીસ સ્ટેશન મા નોંધાયેલ મોબાઇલ ચોરીના અનડીટેકટ ગુનાના કામે ફરિયાદીશ્રી ભાવનાબેન ભગુભાઇ હળપતી રહે,બુહારી બોરડી ફળીયુ તા.વાલોડ જી.તાપીનો વિવો કંપની રૂ૨૦ મોબાઇલ ફોન કોઇ અજાણ્યો ચોર ચોરી કરી લઇ ગયેલ હોય જે ફોન બુહારીમાં રહેતો વસીમ અજીમ પઠાણ નામનો વ્યક્તિ વાપરતો હોય જે હાલ બુહારી માર્કેટ પાસે હોવાની માહિતી આધારે બુહારી માર્કેટ ખાતે તપાસ કરતા આ સીમકાર્ડ ધારક આરોપી- વસીમ અજીમ પઠાણ ઉ.વ.૨૨ રહે-બુહારી રહિમનગર તા.વાલોડ જી.તાપી ના પાસેથી આ ગુનામાં ચોરીમાં ઉપરોકત મોબાઈલ ફોન મળી આવતા મોબાઈલ ફોન બાબતે તેમની પુછપરછ કરતા અને મોબાઈલ ફોનના માલિકીના આધાર પુરાવા/ બીલની માંગણી કરતા તેઓના પાસે કોઇ બીલ કે કોઇ આધાર પુરાવા નહિ હોવાનું જણાયેલ. જેથી આ મોબાઇલ તેણે ચોરી અથવા છળકપટથી મેળવેલ હોવાનું પ્રાથમિક દ્રષ્ટીએ જણાય આવતા આ મોબાઈલ ફોનની કિ.રૂ.૧૦,૦૦૦/- ગણી કબજે કરી પકડાયેલ વ્યક્તિને આજરોજ તા.૧૯/૧૦/૨૦૨૪ ના રોજ અટક કરી આ ગુનાના કામે આગળની વધુ તપાસ માટે વાલોડ પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે.પકડાયેલ આરોપી:-(૧) વસીમ અજીમ પઠાણ ઉ.વ.૨૨ રહે-બુહારી રહિમ નગર તા.વાલોડ જી. તાપી મળી આવેલ મુદ્દામાલ :-(૧) વિવો કંપની રૂ૨૦ મોબાઈલની કિંમત રૂ.૧૦, ૦૦૦/- નો મુદ્દામાલ શોધાયેલ ગુનાઓ :-વાલોડ પોલીસ સ્ટેશન પાર્ટ.એ. ૧૧૮૨૪ ૦૦૨૨ ૪૧૨૨૫/ ૨૦૨૪ બી. એન. એસ.ની કલમ- ૩૦૩ મુજબકાગીરી કરનાર ટીમ :-પોલીસ ઈન્સ્પેકટર શ્રી એલ. સી. બી. તાપી નાઓની સુચનાથી એ.એસ.આઇ. ગણપતસિંહ રૂપસિંહ બારીયા, અ.હે.કો. વિનોદભાઇ પ્રતાપભાઇ તથા પેરોલ ફર્લો સ્કોર્ડના અ.પો.કો. હસમુખભાઇ વિરજીભાઇ તથા અ. પો. કો. વિનોદભાઈ ગોકળ ભાઇએ કામગીરી કરેલ છે.

સ્પા ગર્લ સહિત કુલ ૧૪ની ધરપકડથી ખળભળાટ

સુરત, સુરતના મગદલા ગામ વિસ્તારમાં આવેલા એક ઘરમાં CID ક્રાઇમ દ્વારા રેડ પાડવામાં આવી હતી. બાતમીના આધારે આ રેડ પાડવામાં આવતા ડ્રગ્સ, ગાંજો અને દારૂ સાથે ચાલતી પાર્ટી પકડી પાડવામાં આવી હતી. સીઆઈડી ક્રાઈમ દ્વારા થાઈ ગર્લ સહિત ૯ યુવતી અને ૫ યુવાનની અટકાયત કરવામાં આવી છે. જેમાં એન્જિનિયર, જમીન દલાલ યુવકો સામેલ છે. તેમજ યુવતીઓ સિક્કિમ અને નેપાળની છે.આ તમામના સુરત સિવિલમાં મેડિકલ ટેસ્ટ માટે સેમ્પલ લેવાયાં છે. તમામ આરોપીઓને CID ક્રાઈમની ઓફિસ લઈ જવામાં આવ્યા છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા ડ્રગ્સનો ગુનો નોંધવામાં આવ્યો છે. મેડિકલ પરીક્ષણ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.સ્પામાં કામ કરતી ગર્લ સહિત નવ મહિલા ઝડપાઆ અંગે મળતી માહિતી પ્રમાણે, સુરત શહેરના મગદલ્લા ગામમાં આવેલા મહોલ્લાના એક મકાનમાં રાત્રે સ્પા ગર્લ અને ડ્રગ્સ સાથે પાર્ટી ચાલતી હોવાની બાતમી મળી હતી. જેથી સીઆઈડી ક્રાઈમની ટીમે મકાનમાં રેડ કરી હતી. આ દરમિયાન ડ્રગ્સ, ગાંજો અને દારૂની સાથે ચાલતી પાર્ટી પકડી પાડવામાં આવી હતી. સ્પામાં કામ કરતી ગર્લ સહિત નવ મહિલા ઝડપાઈ હતી. આ સાથે જ પાંચ જેટલા યુવાનો પણ મળી આવ્યા હતા. આ તમામની અટકાયત કરવામાં આવી છે.યુવતીઓ મગદલ્લા ગામમાં જ રહીને સ્પામાં નોકરી કરતીડ્રગ્સ, ગાંજો અને દારૂ સાથે પાર્ટી કરી રહેલા ૧૪ પૈકી એક આરોપી અમિતકુમાર યાદવના ઘરમાં આ પાર્ટી કરવામાં આવી રહી હતી. આ પાર્ટી કરી રહેલા નોકરિયાત, એન્જિનિયર, હીરા દલાલ, ડેટા પ્રોસેસર્સ, જમીન દલાલને ઝડપી પાડવામાં આવ્યા છે. આ પાર્ટીમાં નવ જેટલી મહિલાઓ પકડાઇ છે તે તમામ નોર્થ ઈન્ડિયાની રહેવાસી છે. આ સાથે જ આ તમામ મગદલ્લા ગામમાં જ રહીને સ્પામાં નોકરી કરી રહી છે.તમામ વિરુદ્ધ ડ્રગ્સનો ગુનો નોંધાયો સીઆઈડી ક્રાઇમ દ્વારા ડ્રગ્સનો ગુનો નોંધી આ તમામ સામે કાર્યવાહી હાથ ધરી છે. હાલ તો આ તમામ ૧૪ આરોપીઓને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમનું મેડિકલ પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. મેડિકલ પરીક્ષણ થઈ ગયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હાલ તો પ્રાથમિક રીતે આ તમામ વિરુદ્ધ ડ્રગ્સનો ગુનો નોંધાયો છે. જોકે, આગળ કાર્યવાહીમાં જે સામે આવશે તે પ્રમાણે વધુ કાર્યવાહી થશે.ગાંધીનગર સીઆઇડી ક્રાઈમને ડ્રગ્સની બાતમી મળી હતીસૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, આ પાર્ટીમાંથી નવ ગ્રામ એમડી ડ્રગ્સ, ૨૨ ગ્રામ ગાંજો અને સાત દારૂની બોટલ જપ્ત કરવામાં આવી છે. ગાંધીનગર સીઆઇડી ક્રાઈમને ડ્રગ્સની બાતમી મળી હતી. જે આધારે રેડ પાડવામાં આવતા પાર્ટી ચાલતી હતી તે પણ મળી આવી હતી.

વરાછાના અનેક વિસ્તારમાં પ્લાસ્ટિક વેસ્ટનો જાહેરમાં નિકાલ,અનેક જગ્યાએ કચરાના ઢગ

સુરત, સુરત મ્યુનિ. સ્વચ્છતા માટે ઘણી કામગીરી કરી રહી છે પરંતુ શહેરના કેટલાક વિસ્તારોમાં લોકો સફાઈ પછી પણ કચરાના ઢગ કરી જાય છે.સુરતના પુમા-વરાછાના અનેક વિસ્તારમાં પ્લાસ્ટિક વેસ્ટનો જાહેરમાં નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત અનેક વિસ્તારોમાં લોકો જાહેરમાં કચરો ફેંકી ગંદકી ફેલાવી સુરતને નંબર વન બનાવવા માટે વિલન બની રહ્યાં છે. કચરો ફેંકનાર સામે કોઈ દંડનીય કાર્યવાહી થતી ન હોવાથી સુરત ના અનેક વિસ્તારમાં ફરીથી ગંદકી જોવા મળી રહી છે. સુરત પાલિકા સ્વચ્છતા સર્વેક્ષણમાં ફરી નંબર વન બનવા માટે કવાયત કરી રહી છે પરંતુ આવા લોકોને કારણે સુરત સ્વચ્છતા સર્વેક્ષણમાં પાછળ રહી શકે છે. સરકારના સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરત અગ્રેસર દોડી રહી છે પરંતુ કેટલાક સુરતીઓ જ આ સ્પર્ધામાં સુરત શહેરને પાછળ રાખવાનું કામ કરી રહ્યાં છે. સુરત મ્યુનિ.એ શહેરને કન્ટેનર ફ્રી સીટી બનાવવા માટે અચાનક જ નિર્ણય કરીને કન્ટેનર બંધ કરી દીધા હતા. કન્ટેનર બંધ કરાયા બાદ સુરત શહેરમાં હજી પણ એવા સ્પોટ છે જયાં કન્ટેરમાં કચરો નાંખવા ટેવાયેલા લોકો કન્ટેનર ન હોવા છતાં જાહેર રસ્તા પર કચરો નાખીને ગંદકી ફેલાવી રહ્યાં છે. સુરત મ્યુનિ. વિસ્તારમાં કેટલાક જગ્યાએ ગંદકીના ન્યુસન્સ પોઈન્ટ છે ત્યાં ગંદકી દુર કરવા માટે પાલિકાએ અહીં ગંદકી કરવામા આવે તો પાલિકા ૫૦૦ રૂપિયાનો દંડ વસુલ કરશે તેવા બોર્ડ લગાવ્યા છે. આ બોર્ડ લગાવ્યા બાદ પાલિકા ગંદકી કરનારાઓ સામે કોઈ પગલાં ભરતી નથી કે કોઈ દંડ વસુલ કરતી નથી. જેના કારણે લોકો બેખોફ બનીને જાહેર જગ્યાએ કચરાના ઢગ કરી રહ્યાં છે. પાલિકાએ ન્યુસન્સ વાળા વિસ્તારમાં બોર્ડ લગાવ્યા છે તેની નીચે જ કચરો ફેંકી રહ્યાં છે.હાલમાં સુરત પાલિકાના વરાછા ઝોનમાં પુમા વિસ્તારમાં અનેક ધંધાકીય એકમો દ્વારા જાહેરમાં પ્લાસ્ટિકનો કચરો ફેંકી રહ્યાં છે. પાલિકાએ અનેક જગ્યાએ સીસી કેમેરા લગાવ્યા હોવા છતાં જાહેરમા આવી રીતે કચરો ફેંકનારા સામે કોઈ પગલાં ભરવામાં આવતા ન હોવાથી ગંદકી કરવા માટે લોકોની હિંમત દિવસેને દિવસે વધી રહી છે. અને દેશમાં સ્વચ્છતા માટે નંબર વન બનેલા સુરત શહેરમાં હવે લોકો જાહેરમાં કચરો ફેંકી સુરતના નંબર વન માટે વિલન બની રહ્યાં છે. તેથી આવા લોકો સામે આકરા પગલાં ભરવામાં આવે તેવી માંગણી થઈ રહી છે.